# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૮ • તા. ૪ ઓગસ્ટ થી ૧૦ ઓગસ્ટ ૨૦૧૮

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.


## સેવામૂર્તિ, અદભૂત વ્યક્તિત્વના સ્વામી તથા આધુનિક કચ્છના શિલ્પી-પ્રથમ સાંસદ ભવાનજી અરજણ ખીમજી




અર્વાચીન સંમેલનના આદ્યર્ પ્રણેતા

કોઈનો સ્નેહ ક્યારેય
ઓછો હોતો નથી,
માત્ર આપણી અપેક્ષા
જ વધારે હોય છે

- હરીન્દ્ર દવે



- નીશિથ આનંદ દંડ



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922**
**9833406124**


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

www.gyatimaiya.com
email : gyatimaiya2018@gmail.com


**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# પરિવર્તનો પવન : ગામડાઓ અધ્ધર, શહેરો સધ્ધર

હાલમાં કયાંય ત્રણ દાયકા અગાઉ તથા હાલમાં આપણી જ્ઞાતિની વસતીનો તારણ કોઠો જોવા મળ્યો. આ જોઈને વસતી સંખ્યાનું પતન અને સમય તથા સંજોગોને લીધે આવેલ પરિવર્તન માટે મનોમંથન કરવાનું સૂઝ્યું. વિવિધ તાલુકાના ગામો અંતરિયાળ ગામડાઓમાં લોકવસતી ઘટતી ગઈ છે તો કચ્છના મુખ્ય શહેરો ભુજ, માંડવી-મુંદ્રા અને ગાંધીધામમાં વસતી નહતી કે ઓછી હતી ત્યાં આજે વધી છે. આમ આ પ્રવાહ ગામડાઓથી શહેર ભણી વહ્યો છે અને આહિજરત વર્ષોવર્ષ વધતી રહી છે.


અગાઉ આપણા વડીલો સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. કુટુંબમાં માવતરોને વડીલોને સાચવી તેમની સંભાળ, જતન, સેવા ચાકરી કરતા હતા. ખેતીવાડી, જમીનમાં ઉપજ લઈ ગુજરો કરતા, સંજોગોવશાત કમાણી માટે ગામ છોડવું પડે તો પોતે એકલા જતા પાછળ પરિવાર ગામડે રાખતા. વાર, તહેવારે, ટાણે, પ્રસંગે ગામનો ફેરી કરી જતાં. દેશાવરમાં વસીને દેશને ભૂલ્યા ન હતા. મૂળિયા વતનમાં જાળવીને વિકાસ કર્યો. પ્રગતિ કરી, ધમધોકાર કમાણી કરી. પણ, હવેની જનરેશન શહેરમાં જન્મી, ઉછરી કેળવણી, તાલીમ પામી સગવડ ભર્યું જીવન જીવે છે. કામ પ્રસંગે પણ ગામડે જવાનું પસંદ કરતો નથી. ગામડાનું શાંત જીવન, પાંખી વસતી, અપરિચિત માહોલ, વાહન વ્યવહારના ઓછા-અપૂરતા સાધનોને લીધે વતન જવાનું કરતા નથી.

આજે ગામડાઓ ખાલી થતા જાય છે. દિવસો દિવસ લોક વસતી પાંખી થતી જાય છે અગાઉ દરેક ધર્મના સ્થાનકો, દેવ મંદિરો, ભક્તોથી ભરપૂર રહેતા હતા. એ હવે ખાલી જેવા ભાસે છે. ગામડામાં રહી પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ મેળવનાર યુવાન વર્ગ વધુ અભ્યાસ માટે શહેર ભણી જાય છે. એ પછી નોકરી માટે પણ શહેરના રસ્તો પકડે છે. આમ દિવસે દિવસ ગામડાઓની વસતી ખાલી થતી જાય છે. યુવાનોની વસતી પાંખી અને બાકી વડીલજનો પાછળ રહે છે.

આપણા સમાજના પરિવારો ચાતુર્માસ, પહેડી, ધજા મહોત્સવ કરવા વતનમાં જાય છે. વરસમાં બે-ચાર વાર જવાનું તો થાય છે. પરિવાર મોભીઓ, સ્ત્રીવર્ગ પણ સાથે જઈ લાભ લે છે. પણ કુટુંબની યુવા પેઢીજો સાથે જાય તો વતનની સુગંધ પામી ધન્યતા અનુભવે. સ્થાનિકજનો સાથે ઘરોબો થાય. ગ્રામ્ય સંસ્કૃતિનો પરિચય થાય. કુટુંબના વડીલો પણ યુવાપેઢીને હમ વતને લઈ જાય. સમય, સંજોગો વશાત યુવાનો વરસમાં એક-બે વાર આવી રીતે ગામડાઓમાં જાય તો ગામ સાથે નાતો બંધાય. નાતો જળવાય, ગામો તૂટતા આપણે રોકી તો ન શકીએ પણ આપણા ગામ સાથેનો પરિવારિક નાતો જાળવી શકીએ. તોય ઘણું છે. જે આપણા હાથની વાત છે.

જય જ્ઞાતિમૈયા

# સેવામૂર્તિ, અદભૂત વ્યક્તિત્વના સ્વામી તથા આધુનિક કચ્છના શિલ્પી-પ્રથમ સાંસદ ભવાનજી અરજણ ખીમજી



મૂળ કચ્છ ગામ તેરાનાં ખીમજી પરિવાર જેઓ ખામગામ વિદર્ભમાં જઈ વસેલા તેમને ત્યાં ૨૦ જુલાઈ ૧૯૦૨નાં રોજ પુત્ર રત્નનો જન્મ થયો જેમનું નામ ભવાનજી રાખવામાં આવ્યું.

શ્રી ભવાનજીભાઈએ શરૂઆતની કેળવણી પૂરી કર્યા બાદ રૂના ધંધામાં નામાંકિત થયેલી તેમની કૌટુંબિક પેઢી મે. અરજણ ખીમજીની કું.માં જોડાયા, પોતાના ધંધામાં સારી પેઠે રસ લઈ ધંધાને વિકસીત કર્યા અને પાંચ વર્ષ બાદ સન ૧૯૨૬ માં ધંધાર્થે યુરોપનો પ્રવાસ કર્યો.

શ્રી ભવાનજીભાઈને શરૂઆતથી જ સમાજ સેવા તથા વતન અને દેશ માટે કંઈક કરી છુટવાની પ્રબળ લગન હતી. જે મોકો તેઓ યુરોપનાં પ્રવાસથી પાછા ફર્યા બાદ ગુજરાતમાં રેલ સંકટ રાહતની કામગીરીમાં જોડાયા ત્યારે તેઓ સરદાર શ્રી વલ્લભભાઈ પટેલનાં સંપર્કમાં આવ્યા ત્યારે મળ્યો, એજ અરસામાં મહાત્મા ગાંધીજીની વિચાર સરણીએ તેમના ઉપર જબરદસ્ત અસર કરી, વિદર્ભમાં તેઓ શ્રી લોકમાન્ય ટિળકજી સાથે સીધા સંપર્કમાં હતા આમ ભવાનજીભાઈના વ્યાપારી જીવનનો પલટો શરૂ થયો અને કોંગ્રેસની દોરવણી તળે દેશની આઝાદી માટેની રાષ્ટ્રવ્યાપી લડત શરૂ થતાંજ વેપાર ધંધામાં સક્રિય રસ લેવાનું બંધ કરી ૧૯૩૦ ની સત્યાગ્રહની લડતમાં ઝંપલાવ્યું આમ તેમની સેવા ભાવનાની તમન્ના સાકાર થઈ.

ચાતુર્ય અને મુત્સદીગરીનાં તત્વો માનવીની જીવન કારકિર્દીમાં કર્તવ્યનિષ્ઠા અને સચ્ચાઈનાં સદગુણોનું સંયોજન થયેલું હોય તો તે લોક આદર પામે છે. આ ગુણોની પુરી પ્રતિતિ કરાવવા સાથે પોતાની તેજસ્વી બુધ્ધિપ્રતિભા અને અવિશ્રાન્ત પરીશ્રમથી પ્રબળ કાર્ય સાધના ઉપાસીને ઉદ્યોગ વ્યવસાય જેટલાજ કૌશલ અને સફળતા રાજનીતિમાં શ્રી ભવાનજીભાઈ એ દાખવી હતી.

એમનું સમૃધ્ધ અને પ્રભાવશાળી વ્યક્તિત્વ, ગંભીર, સરળ અને સાંભળવાની ફરજ પાળતું વક્તવ્ય, સમાજસેવા અને દાનશીલવૃતિ, બહુવિધલક્ષી પ્રવૃતિઓમાં નોંધપાત્ર ફાળો તેઓશ્રીનાં સૂક્ષ્મ વ્યક્તિત્વની દેણગી હતી.

સહુ પ્રત્યેની લાગણી, સાચો જ્ઞાતિપ્રેમ, હું પદનો અભાવ અને રચનાત્મક રીતે સૌને કાર્ય પ્રવૃત કરવાની તેમની રીતિ નીતિ હમેશા પ્રેરણાદાયી અને માર્ગદર્શક રહેશે.

તેમની જીવનભરની બહુલક્ષી સેવાકિય પ્રવૃતિઓને મૂલવી શકાય તેમ નથી.

૧૯૩૦માં ગાંધીજીની અસરમાં આવ્યા પછી સત્યાગ્રહની લડતમાં ઝંપલાવ્યું, પ્રજા સામે દમનનાં પગલા લેવામાં એ સમયની સરકારને પ્રેરણા અને સાથ આપનારી બ્રિટીશ કંપનીઓનો બહિષ્કાર કરવાની પ્રવૃતિ તેમણે ૧૯૩૨માં આદરી જેથી આ બહિષ્કાર પ્રવૃતિના સંચાલક તરીકે તેમની ધરપકડ થતાં મુંબઈમાં ૧૪ દિવસની સંપૂર્ણ હડતાલ પડી હતી. છેવટે બ્રિટીશ કંપનીઓએ ભારતની આઝાદીનો તેઓ વિરોધ કરતી નથી. તેવી જાતની બાંહેધરી બ્રિટીશ કંપનીઓ પાસેથી મલ્યા પછી આ બહિષ્કાર ઉઠાવી લેવામાં આવ્યો અને શ્રી ભવાનજીભાઈને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા.

ડિસેમ્બર ૧૯૪૦ વ્યક્તિગત સત્યાગ્રહમાં તેમને બીજીવાર ૧ વર્ષનો કારાવાસ ભોગવવો પડ્યો, તે પછી ૧૯૪૨માં ''ક્વીટ ઈન્ડિયા''ની લડતમાં પણ તેમને અટકમાં લેવામાં આવ્યા ત્યારે ગાંધીજી, નહેરૂજી અને સરદારશ્રી સાથે તેમણે ૨ વર્ષનો કારાવાસ ભોગવ્યો.

સન ૧૯૪૫માં સરદાર શ્રી વલ્લભભાઈ પટેલે કચ્છનો હવાલો તેમને સોંપ્યો અને તેમને કહ્યું કે ભવાનજીભાઈ હવે કચ્છને કર્મભૂમિ બનાવો, ત્યારથી તેઓએ છેવટ સુધી કચ્છનાં વિકાસમાં કચ્છનાં રાજકારણ, કેળવણી તથા અન્ય ક્ષેત્રોમાં એકધારો રસ લઈ સર્વતોમુખી પ્રવૃત્તિઓમાં મૂલ્યવાન ફાળો આપ્યો જેને કચ્છની જનતા ક્યારે પણ ભૂલી શકશે

## કચ્છના શિલ્પી-પ્રથમ સાંસદ ભવાનજી અરજણ ખીમજી (ચોથા પાનેથી ચાલુ)

નહી.

દેશનાં વ્યાપાર-ઉદ્યોગ તથા સંખ્યાબંધ વ્યાપારી મંડળો સાથે તેઓ સતત સંપર્કમાં રહી તેમને સલાહ અને માર્ગદર્શન આપતા રહેતા.

તેઓશ્રી લાંબા સમય સુધી બોમ્બે કોટન મરચંટસ એન્ડ મુકાદમસ એસોસીએશનનાં પ્રમુખપદે રહ્યાં, ઈસ્ટ ઈન્ડિયા કોટન એસોસીએશનનાં ડાયરેક્ટર પણ બન્યા અને તે પછી ૧૯૪૮ થી ૧૯૫૦ સુધી તેનાં ઉપપ્રમુખ પદે રહ્યાં.

ઈન્ડિયન મરચંટસ ચેમ્બર્સની મેનેજીંગ કમીટીનાં સભ્ય તરીકે વરસો સુધી કામગીરી કર્યાબાદ ૧૯૪૮ માં તેનાં ઉપપ્રમુખ અને ૧૯૪૯માં તેઓ પ્રમુખ તરીકે વરાયા.

તેઓ ૧૯૩૬ થી ૧૯૫૦ સુધી મુંબઈ મ્યુનીસીપલ કોરપોરેશનનાં સભ્ય હતા તથા ૧૯૩૬ થી ૧૯૫૦ સુધીનાં લાંબા ગાળામાં તેઓ એ વખતની મુંબઈ ધારાસભામાં સભ્ય હતા. તદ ઉપરાંત બોમ્બે પોર્ટ ટ્રસ્ટ તથા કેટલીયે જાહેર સંસ્થામાં તેમણે કાર્ય કરેલ છે.

૧૯૪૮ કચ્છી પ્રજાએ જવાબદાર રાજ્યતંત્ર માટે લડત ઉપાડી આ લડતમાં ભવાનજીભાઈ મોખરે રહ્યાં, એક તરફ લડતની તૈયારી અને બીજી તરફ મુંબઈમાં વી.પી.મેનન અને કચ્છનાં મહારાવ શ્રી વચ્ચે મંત્રણા યોજાઈ, ભવાનજીભાઈ સરકારશ્રીનાં સીધા સંપર્કમાં સતત રહેતા હતા અને કચ્છનાં મહારાવશ્રીની કચ્છમાં જવાબદાર રાજતંત્ર સ્થાપવાની આનાકાની છતાં ભારતમાં કચ્છને ભેળવી દેવાની કચ્છી પ્રજાકીય પરીષદની લડતમાં માર્ગદર્શન આપ્યું આ બધી ગોઠવણીનાં અંતે મંત્રણાઓ સફળ થઈ અને કચ્છના મહારાવશ્રીએ સમ ૧૯૪૮માં માર્ચની ૯મી તારીખે કચ્છની પ્રજાને જવાબદાર રાજતંત્ર આપવાની જાહેરાત કરી. આ જાહેરાત પછી તેઓ કચ્છમાં ખૂબજ લોકપ્રિય બન્યા, પરંતુ તેમણે આટલેથી સંતોષ ન માનતા દિલ્હીમાં સરદારશ્રીને મળી કચ્છને ''ક'' વર્ગનું રાજ્ય બનાવવાની વાત મૂકી (''ક''વર્ગનું રાજ્ય એટલે ડાયરેક્ટર સેન્ટ્રલ ગર્વમેન્ટ દ્વારા સંચાલીત સ્ટેટ) પંડિતજીને સમજાવી સરદારશ્રીએ કચ્છ મહારાવને દિલ્હી બોલાવ્યા, અને કચ્છી આગેવાનોનું પ્રતિનિધી મંડળ દિલ્હી પહોચ્યું, મંત્રણા યોજાઈ અને સફળ થઈ. કચ્છ ૧૯૪૮માં ''ક''વર્ગનું રાજ્ય બન્યું અને છોટુભાઈ દેસાઈ કચ્છનાં ચીફ કમિશનર બન્યા તેમના અધ્યક્ષ પદે કચ્છની સલાહકાર સમિતિની રચના થઈ જેમાં શ્રી ભવાનજીભાઈ લેવામાં આવ્યા. આ સમિતિએ કચ્છનાં વિકાસ કાર્યોમાં ખૂબજ દીલચસ્પી લઈ ૧૯૫૨નાં જુલાઈ સુધી કચ્છનાં સર્વાંગી વિકાસ માટે એક ધારું કાર્ય કર્યુ.

કચ્છનું કંડલા બંદર પશ્ચિમ ભારતનું મહાબંદર જાહેર થયું તેમાં તેમનો નોંધપાત્ર ફાળો હતો. તેઓશ્રીએ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ શેઠનાં વડપણ હેઠળની સમિતિમાં રહી કંડલા મહાબંદર તરીકેની ભલામણ કરી. આ માટે ગુજરાતના બીજા બે બંદરોની પણ મહાબંદર બનાવવા હેઠળ દરખાસ્ત હતી પરંતુ શ્રી કસ્તુરભાઈ શેઠ અને ભવાનજીભાઈની મક્કમ રજુઆત બાદ કંડલા મહાબંદર તરીકે જાહેર થયું, કંડલા ફ્રીટ્રેડઝોનની રચનામાં પણ તેમનો અગત્યનો ફાળો રહ્યો છે.

૧૯૪૮ના કચ્છમાં કારમા દુષ્કાળ વખતે તેમણે સફળ નેતૃત્વ પુરૂં પાડી દુષ્કાળનો સામનો કર્યો અને દુષ્કાળને પહોંચી વળવા મુંબઈ વસતા કચ્છીઓ પાસેથી એ જમાનામાં રૂ.૫૬૦૦૦૦/-ની સહાયની રકમ એકઠી કરી સર્વત્ર રાહત પહોંચતી કરી.

૧૯૫૬માં અંજાર (કચ્છ)માં આવેલા ભયંકર ધરતીકંપ વખતે તેઓ સંસદની બેઠકમાં હાજરી આપવા દિલ્હી ગયેલા, ત્યાંથી તેઓ તરત જ મુંબઈ પરત ફર્યા અને મુંબઈ ગ્રેન એન્ડ સીડઝ્ડ મરચંટસ એસોસીએશન દ્વારા મુંબઈમાં ભૂકંપ રાહત સમિતીની રચના કરી અને એ વખતના કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી ગોવિંદવલ્લભ પંત પાસેથી રૂ.૨૫૦૦૦/- તાત્કાલીક રાહત માટે મેળવ્યા (આજથી ૬૨ વરસ પહેલા રૂ.૨૫૦૦૦/-ની કિંમત આજે શું હોઈ શકે તે આપ સૌ સારી રીતે સમજી શકો છો)

તેઓશ્રી એ વખતે કચ્છ ભૂકંપ સમિતીના પ્રમુખ હતા, શ્રી નહેરૂજીને પણ ધરતીકંપ વખતે કચ્છ લાવવાના તેમના પ્રયત્નો સફળ થયેલ. ધરતીકંપથી તારાજ થયેલા અંજાર શહેરનું તથા ભૂકંપ પિડિતોના પુનઃર્વસવાટ માટે શ્રી છગનબાપા સાથે મળીને તેમણે ખૂબજ અથાગ પ્રયત્નો આદરી 'નયા અંજાર'નું નિર્માણ કર્યું.

## કચ્છના શિલ્પી-પ્રથમ સાંસદ ભવાનજી અરજણ ખીમજી (પાંચમા પાનેથી ચાલુ)

કંડલા અને ગાંધીધામના વિકાસમાં શ્રી ભવાનજીભાઈનો મોટો ફાળો છે, સીંધુ રીસેટલમેન્ટ દ્વારા ભાઈ પ્રતાપ જેઓ ગાંધીધામ શહેરના શીલ્પી છે તેમના સાથે દિલ્હી જઈ વિકાસના કાર્યો મંજુર કરાવ્યા અને આદીપુરનગરનું નિર્માણ થયું.

કચ્છના કેળવણી ક્ષેત્રે તેમનું મહત્નું યોગદાન છે, ભૂજના ડોસાભાઈ લાલચંદની ઈચ્છાથી કચ્છમાં કોલેજ માટેની વાત તેમણે સરદારશ્રી સમક્ષ મૂકી, સરદારશ્રી એ રૂ.પાંચ લાખ ભેગા કરી આપો તો સરકાર કોલેજ શરૂ કરી આપે તેવી શરત મૂકી આ વખતે રામજી રવજી લાલને રૂ. ૨ લાખ આપ્યા અને શ્રી ભવાનજીભાઈએ કચ્છીઓ પાસે ટહેલ નાંખતા રૂ. પાંચ લાખ એકત્ર થયા આમ સૌ પ્રથમ કચ્છની આર.આર.લાલન કોલેજ-ભૂજમા શરૂ થઈ.

તેઓશ્રી કચ્છમાંથી ભારતની બંધારણ સમિતીના સભ્ય વરાયા તેમણે ૨૬-૧૧-૧૯૪૯ના અન્યો સાથે બંધારણ ઉપર હસ્તાક્ષર કર્યા છે. ભારતની બંધારણ સભા ઉપરાંત કામચલાઉ પાર્લામેન્ટના સભ્ય તરીકે તેઓ વરાયા હતા.

કચ્છના અખબાર 'કચ્છમિત્ર'ને શરૂ કરવામાં તથા તેના વિકાસમાં મોટો ફાળો છે તે પછી કચ્છમિત્રને જન્મભૂમિ પ્રવાસ સાથે જોડવામાં આવ્યું જેમાં સૌરાષ્ટ્ર ટ્રસ્ટના વરસો સુધી ટ્રસ્ટી તરીકે કામ કર્યું. કચ્છમાં ઉદ્યોગોનો વિકાસ થાય તેવી તેમની પ્રબળ ઈચ્છા હતી. સૌ પ્રથમ ગાંધીગામ સ્પીનીંગ મીલ્સનો કચ્છમાં પ્રારંભ થયો જેના તેઓ શ્રી ચેરમેન હતા.

૧૯૬૦માં તેમના વતન તેરા અબડાસામાં સુસાધનોથી સજ્જ એવી હોસ્પિટલ બંધાવી સરકારશ્રીને અપર્ણ કરી, મુંબઈની સર હરકિસનદાસ હોસ્પિટલના તેઓ ટ્રસ્ટી હતા તેમણે શ્રી એસ.કે.પાટીલ સાથે મળીને પ્રથમવાર તેમાં કેન્સર વિભાગ ચાલુ કરાવી તેમાં રૂા.૨ લાખનું અનુદાન આપ્યું.

સન ૧૯૫૨થી ૧૯૫૭ અને ૧૯૫૭ થી ૧૯૬૨ સુધી તેઓ કચ્છમાંથી લોકસભાના પ્રતિનિધિ તરીકે ચુંટાયા અને લોકસભાના સભ્ય બન્યા, આ સમય દરમ્યાન કચ્છમાં બ્રોડગેજ રેલ્વે માટે તથા મુંદ્રા માંડવી રેલ્વે લાઈન માટેની દરખાસ્તો કેન્દ્ર સમક્ષ મૂકી.

૧૯૫૯માં મુંબઈ મુકામે શ્રીમતી ઈંદીરા ગાંધીની હાજરીમાં કચ્છ અને કચ્છીઓના વિકાસ માટે તેમણે કચ્છ વિકાસ મંડળની સ્થાપના કરી. એ સમય દરમ્યાન કચ્છમાં જે પ્રગતિ થઈ તેનો યશ શ્રી ભવાનજીભાઈના અવિરત અને અથાગ પ્રયત્નોને ફાળે જાય છે.

એ વખતે કચ્છમાં દુષ્કાળ, રેલ, ભુકંપ જેવી અનેક કુદરતી આફતો વખતે તેઓએ સંકટ પીડીતો માટે રાહતની વ્યવસ્થા કરવામાં અગ્રભાગ લીધો. કચ્છમાં ૧૯૬૫ થી ૧૬૭૧ સુધીના વરસો દુષ્કાળ અને અછતના રહ્યા. જાણીતા મીલ ઉદ્યોગપતિ શ્રી અરવિંદ મફતલાલ સાથે વ્યાપારીક સબંધો હોવાથી તેમની સાથે ચર્ચા વિચારણાના અંતે કચ્છમાં શ્રી સદગુરૂ સેવા સંઘ દ્વારા માનવ-પશુ રાહતની કામગીરી કરાવવા માટે તેઓ શ્રી પ્રેરણા રૂપ રહ્યા.

માટુંગા (મુંબઈ)ના વિકાસમાં તેમનો મહત્વનો સિંહ ફાળો છે. અનેક ગુજરાતી સંસ્થાઓ જેવી કે શ્રી ગુજરાતી કેળવણી મંડળ, શ્રી અમુલખ અમીચંદ વિવિધલક્ષી વિદ્યાલય, માટુંગા વિમેન્સ કોલેજ, માટુંગા સેવા મંડળ, માટુંગા ગુજરાતી ક્લબ વિ. શૈક્ષણિક તથા સાંસ્કૃતિક સંસ્થાઓની સ્થાપના અને તેની દેખભાળમાં મોખરે રહ્યા.

કન્યા કેળવણી માટે તેઓ શ્રી હમેશા ચિંતીત રહેતા, માટુંગા ગુજરાતી એજ્યુકેશન સોસા.માં ૬ વિદ્યાર્થીનીઓથી શરૂઆત કરાવેલી જેમાં આજે ૭૦૦૦થી વધુ બાળાઓ અભ્યાસ કરી રહી છે. આમ પોતાની જ્ઞાતી, વતન, દેશ માટે કંઈક કરી છૂટવાની ભાવના લઈને જન્મ લેનાર શ્રી ભવાનજીભાઈએ, જગતને એમણે કદીયે પોતાના અહમના શીખરેથી નિહાળ્યું ન હતું, સત્તા કે હોદાની કોઈ મમત રાખ્યા વગર એક અદના કાર્યકર અને જાજરમાન લોકસેવક તરીકેની છબી તેમણે લોકમાનસ ઉપર અંકિત કરી.

આવા ઉચ્ચ સંસ્કારી અને ખાનદાની ગૃહસ્થે પોતાની ઉમદા સેવાની સુવાસ પ્રસરાવી ૧૯૭૦માં સૌની વચ્ચેથી વસમી વિદાય લઈ જિનધામ સીધાવ્યા.

તેમની સેવાકિય કાર્યોની સુવાસ હમેશા માટે જળવાઈ રહે અને આગામી પેઢી તેમણે શરૂ કરેલ સેવાકિય કાર્યોને આગળ ધપાવે. તેમની યાદગીરી અર્થે માટુંગા (વે) રેલ્વે સ્ટેશન રોડને મુંબઈ મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા ભવાનજી અરજણ ખીમજી માર્ગનું નામાભિધાન અર્પી સદ્‌ગતના ઉજ્જવલ જીવન કાર્યોને સહૃદય પુરસ્કૃત કરેલ છે.


VEENA NAGDA BOLLYWOOD
MEHENDI ACADEMY
CERTIFICATE COURSE
40 Years
Experience
in Mehendi
All Types of Mehendi &
Personality Development
• Basic
• Floral
• Cutwork
• Movie Mehendi
• Figure
• Western Etc.
Women's Day
Special Discount
Malad (W):
Nr. Rly. Station.
Time: 11 to 3pm.
Call: 9920641717
Masjid Bunder (W):
Nr. Rly. Station.
Time: 11am to 3pm.
Call: 9820431717
Out of Mumbai,
Inquiries also Available.
Special
Discount For
S.S.C.
Email: veenanagda17@gmail.com
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

# શ્રી ઉત્કર્ષ ટ્રસ્ટ મુંબઈ આયોજીત શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા શૈક્ષણિક સેમિનાર યોજાયો






શનિવાર તા.૨૨ જુલાઈ સાંજના ૬ કલાકે માધવાશ્રમ એ.સી. હોલ ડોંબિવલી પૂર્વ સ્થળે ડોંબિવલી અને પરિસરમાં રહેતા જ્ઞાતિ વિદ્યાર્થીએ વડીલો માટે પોતાની એક અલગ પ્રતિભા (Creating your Personal Brand) અ વિષયક એક શૈક્ષણિક સેમિનાર યોજાયો હતો.

સેમિનારની શરૂઆતે શ્રીમતી ભાવના ભરત મોમાયા નલીયા તથા શ્રીમતી જીજ્ઞા વિજય છેડા સુજાપર દ્વારા શ્રી નવકાર મંત્રનું સમૂહ પઠન કરી. છબીને હારારોપણ શ્રીમતી કીર્તિદાબેન ભરત મેકરની સિંગાપોર, ઉત્કર્ષ ટ્રસ્ટ પ્રમુખ સી.એ. નિલેશ શીવજી વીકમશી રાણપુર-પરેલ શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિલલીના પ્રમુખ શ્રી હેમંત રમેશ ધુલ્લા-તેરા, માનદ મંત્રી શ્રી મહેન્દ્ર મેઘજી મોતા વારા પધ્ધર, સહમાનદ મંત્રી શ્રી વિશ્વજીત ખીમજી લોડાયા-કોઠારા, શૈક્ષણિક સમિતિ ચેરમેન શ્રી સંજય મણિલાલ નાગડા-રાપર, શ્રી કલ્પેશ ખુશાલ ધરમશી-કોઠારાએ કર્યુ હતું.

મંડળ ના માનદમંત્રી શ્રી મહેન્દ્ર મોતાએ પધારેલ સૌનું ભાવભીનું સ્વાગત કરી મંડળ દ્વારા જ્ઞાતિજનો માટે કરાવાતી વિવિધ પ્રવૃતિઓ વિશે માહિતી આપી હતી. મંડળ પ્રમુખ શ્રી હેમંત ધુલ્લાએ સેમિનારની ઉપયોગિતા વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા.




શ્રીમતી કીર્તિદાબેન મેકરનીનો પરિચય મહેન્દ્રભાઈ મેઘજી મોતાએ આપ્યો હતો. જ્યારે તેમનું બહુમાન મંડળ પ્રમુખ હેમંત ધુલ્લા, શ્રીમતી ભાવના મોમાયા, શ્રીમતી જીજ્ઞા છેડાએ કર્યુ હતું. શ્રીમતી કીર્તિદાબેન ઘણી જ સંસ્થાઓ, સ્કૂલ, કોલેજો અને મીડિયાગૃહો સાથે જોડાયેલા છે. તેમણે શિક્ષણ ઉપર વિશેષ ભાર મૂક્યો હતો. ભણવા માટે દરેક ઉંમર ઓછી છે. જીંદગી પૂરી થાય પણ ભણતર પૂરૂ ન થાય. બહેનોને તેમણે બાળકોના સ્વાસ્થ માટે પૌષ્ટિક ભોજન(ફૂક) ઉપર ખાસ ધ્યાન આપવાનું કહ્યું હતું. કીર્તિદાબેન પાસે અગાધ જ્ઞાનનો ભંડાર છે. જ્ઞાતિની સંસ્થાઓએ એમનો વિશેષ લાભ લેવા જોઈએ. શ્રીમતી કીર્તિદાબેનએ મંડળ દ્વારા કરતા કાર્યોની સરાહના કરી હતી. તેમણે મંડળની સાથે છું એમ કહી સધિયારો આપ્યો હતો.




ઉત્કર્ષ મંડળના પ્રમુખ સી.એ. હિરાચંદ દામજી દંડનો પરિચય તેમજ બહુમાન શ્રી મહેન્દ્ર મેઘજી મોતા, સહમાનદ મંત્રી શ્રી વિશ્વજીત ખીમજી લોડાયા શૈક્ષણીક સમિતિ ચેરમેન શ્રી સંજય નાગડા અને શ્રી કલ્પેશ ધરમશીએ કર્યુ હતું.

શ્રી હિરાચંદભાઈએ આપણી પોતાની જ્ઞાતિ સંસ્થા વી.એલ.વી.જી.માં બાળકોને ભણતર માટે જરૂરથી મોકલવા જોઈએ એવી ભલામણ કરી હતી. આ આત્યાધુનિક સંસ્થા છે. ભણતર, ગણતર અને બાળકોનું સુદ્રઢ ચણતર આ સંસ્થામાં થશે. તેઓ શ્રી એ શ્રી અરિહંત બેંક બહેનોને કોઈપણ વ્યવસાય કરવા રૂ. બે લાખ સુધીની લોન આપે છે. તેવી માહિતી આપી હતી. ડોંબિવલી પશ્ચિમમાં એક સેન્ટર શરૂ કરવાનું વિચારાધીન છે. વિશેષમાં તેઓ શ્રી નરશીનાથા મેડિકલ ટ્રસ્ટની મેડિકલ પોલિસી દરેક જ્ઞાતિજનો એ જરૂરથી લેવી જોઈએ. આપણા જ્ઞાતિની સંસ્થાઓ માંથી જરૂરિયાત મુંજબનો લાભ અવશઅય લેવા જોઈએએ વાત ઉપર ખાસ જણાવ્યું હતું.




ઉત્કર્ષના ટ્રસ્ટના ટ્રસ્ટી સી.એ. નિલેશ શીવજી વિકમશી (રાણપર-પરેલ)નો પરિચય શ્રી મહેન્દ્ર મોતાએ આપ્યો હતો. બહુમાન મંડળના ખજાનચી શ્રી પ્રજ્ઞેશ નાગડા, સહખજાનચી શ્રી મુકેશ વિકમશી, જ્ઞાતિદીપ તંત્રી ચેતન નાગડા, મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્યો શ્રી મુકેશ શિયાડ, અજય શિયાડએ કર્યુ હતું. શ્રી નિલેશભાઈ એ શિક્ષણ ઉપર વિશેષ ભાર મૂક્યો હતો.



આપણી જ્ઞાતિમાંથી પહેલી સી.એ.ની ખીમજી કુંવરજીની કું. તેમજ સી.એ. થયેલ શીવજીભાઈ વીકમશી હતા. આપણુ મન અડગ હોય તો કોઈ પણ ભણતર મુશ્કેલ નથી. ભણવા માટે કોઈપણ મદદ કે સહાયની જરૂર હોય તો વિના સંકોચે અવશ્ય પધારશો અમારાથી થતી બધી સહાય અને જરૂર કરીશું એવો તેમણે કોલ આપ્યો હતો.

શૈક્ષણિક સેમિનારમાં આમંત્રીત મહેમાનો, બાળકો, વડીલો, જ્ઞાતિજનો તેમજ મંડળના સભ્યો મળીને અંદાજીત ૧૮૦ જણના હાજરી રહી હતી.

શૈક્ષણિક સેમિનારનું સંપૂર્ણ સંચાલન તેમજ આભારવિધિ મંડળમા માનદ મંત્રીશ્રી મહેન્દ્ર મોતાએ કરી હતી. મંડળ તરફથી અલ્પાહાર તેમજ ચા-કોફીની વ્યવસ્થા કરવામાં આવી હતી. મંડળના સભ્યોએ સુંદર સહયોગ સાથે સરસ વ્યવસ્થા કરી હતી. મહાનુંભાવોએ મંડળ યથા યોગ્ય સહાય આપવાની ખાતરી આપી હતી.

પધારેલા સર્વેએ નવા કાર્યકમમાં મળવાના વચન સાથે સાંજના ૮ કલાકે શ્રી મહાકાલી માતાની જય બોલાવીને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

# શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ, મુલુંડ સિટિઝન વેલફેર ફોરમ દ્વારા ટ્રેકીંગ કાર્યક્રમ





રવિવાર તા.૨૯-૭-૨૦૧૮ના સવારના ૬.30 કલાકે ૩૫ જણની ટીમ તિકોના ગઢ (પાવને લોનાવલા)ના ટ્રેકીંગ પ્રવાસે બસ દ્વારા નવા અનુભવો માણવા ઉલ્લાસથી રવાના થઈ.

ટ્રેકીંગ વ્યવસાયિક મીડ અર્થના સથવારે અને માર્ગદર્શન પ્રમાણે સૌએ ડુંગરા ચઢવાનું શરૂ કર્યું. હરિયાળા વાઘા ધારણ કરેલ ધરતીમાં, શુધ્ધ હવા અને ખુશનુમા વાતાવરણે સૌને ઉત્સાહિત કર્યા અને કુદરતને માણતા સૌ ૧૨થી ૬૫ વર્ષ સુધીના ટ્રેકર્સ કિલ્લા પર પહોંચ્યા હતા. વરસાદ ન હોવાથી ટ્રેકિંગનો અનુભવ બહુ જ સુખદ રહ્યો. ટ્રેકિંગ વ્યવસાયિકની ટીપ્સ અનુસાર શિસ્તબધ્ધ રીતે સૌનો પ્રવાસ અવિસ્મરણીય રહ્યો. ભવિષ્યમાં ટ્રેકીંગ માણવા ધરતીને ખૂંદવાનો નિર્ણય કર્યો. એકબીજા સાથે થયેલ નવી ઓળખાણોને માણતા સૌ મોડી સાંજે મુલુંડ પરત ફર્યા હતા.



SHREE KDO SAMAST MAHAJAN
YUVA
YOUTH UNITED FOR VISION AND ACTION

# 1st KDO NATIONAL JOB FAIR

IMMEDIATE INTERVIEWS
FREE REGISTRATIONS!
MULTIPLE OPENINGS!

## 1st SEPTEMBER 2018, MUMBAI

Email us your Resume at

**yuva@kdosamastamahajan.org**

7303093827 | 9769981860 | 9833474744

**REGISTER NOW**

**http://bit.ly/kdojobfair**

**OR SCAN THE QR CODE**

KDO Samast Mahajan Yuva
@kdoyuva
www.kdosamastamahajan.org

# ઘર બેઠા પરીક્ષા Open Book Exam

તપ ચક્રવર્તી 'અચલગચ્છાધિપતિ' પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સૂવર્ણ વરસીતપ પ્રસંગે પ્રકાશિત ''મન્નહ જિણાણં આણં''(ગુટિકૃત્યો) પુસ્તક આધારિત ઘાયક્ષ Book Exam નું આયોજન કરવામાં આવ્યું છે. વહેલો તો પહેલોના ધોરણે નીચેના સરનામેથી પુસ્તક-પ્રશ્નપત્ર-ઉત્તરપત્ર મેળવી લેવા વિનંતી રૂ. ૧૦૦ /- ભરીને પોતાનું નામ લખાવી આજે જ પ્રવેશ મેળવી લો.

પુસ્તક મેળવવાનું સરનામું :-

૧) સુ . શ્રા. લતાબેન એલ. વીકમશી.
૨/૩૯ અનંત નિવાસ, ભાતબજાર, ૨૬૨ / ૭૨ નરશી નાથા સ્ટ્રીટ. મસ્જીદબંદર, મુંબઈ-૯. મો. ૯૩૨૩૯૪૪૧૧૭.

૨) અ.સૌ.મનીષાબેન એચ.ખોના.
૧૦૬, અનંતછાયા, ૬૦ ફીટ રોડ, આર.બી.મહેતા માર્ગ, ઘાટકોપર - (ઈ), મુંબઈ - ૭૭. મો. ૯૬૬૪૭૯૮૩૯૮.

૩) એ.સૌ. ટીનાબેન ડી. રણધીર
બી/ ૯ સ્વપ્નીલ સોસાયટી, જી.વી.સ્કીમ રોડ નં-૨, મુલુંડ ઈસ્ટ, મુંબઈ. મો. ૯૯૨૦૦૨૬૬૨૭.

# સાધુ-સાધ્વીજી ભગવંતને ગોચરી કેવીરીતે વહોરાવવી



• એવું કહેવાય છે કે- ભાવ પૂર્વક ગોચરી વહોરાવવાથી આરાધનાનો છઠ્ઠો ભાગ મળે છે.

• નયસાર-ધન્ના સાર્થવાહ સુપાત્ર દાનથી જ સમ્યક્ત્વ પામ્યા હતા.

• દાન શ્રદ્ધાપૂર્વક, દાનની મહત્તા સમજીને, સ્વાર્થવૃત્તિ વગર આપવું. એથી પ્રકૃષ્ટ પુણ્ય બંધાય અને ઉત્કૃષ્ટ નિર્જરા થાય છે.

• ગોચરીના સમયે શ્રાવકના ઘર ખુલ્લા હોય, શ્રાવક વાટ જોતો હોય. કારણ સાધુ બેલ વગાડીનાં શકે અને ઘર બતાવવા નોકર કે પુજારી નહિ... ખુદ શ્રાવકોએ જવું જોઈએ.

• 'ધર્મલાભ'સંભળાય ત્યારે ઉભા થઈને વિનયપૂર્વક- ''પધારો... પધારો'' બોલવું.

• પાટલા ઉપર થાળી મૂકી, તેમાં માહરાજ સાહેબનું પાત્ર મુકાવવું.

• ઘરના તમામ સભ્યોએ લાભ લેવો. સંસ્કાર પડે માટે નાના છોકરાઓ પણ વહોરાવે.

• મહારાજ સાહેબ પધારે... ત્યાર લાઈટ-પંખો-ટી.વી.-ગેસ-રેડિયો બંધ-ચાલુ ના કરાય.

• ગોચરીના સમયે ટી.વી.-ગેસ-રેડિયો બંધ-ચાલું ના કરાય.

• નવા વાસણ-ચમચા બગાડવા નહિ. ઢોળાય નહિ તે રીતે વહોરાવવું.

• મેનુની જેમ બોલીએ તો... મહરાજ સાહેબને માંગીને વહોરવુ પડે! માટે વિનંતી કરીને વહોરાવતા જવું.

• ચંપલ પહેરીને વહોરાવવું અવિનય છે. કેળુ અડધું જ વહોરાવવું. છાલ પૂરી ઉતારવી નહિ.

• રસોઈ બનાવતા પહેલા-મહરાજ સાહેબને યાદ કરવા નહિ અને બનાવ્યા પછી ભૂલવા નહિ.

• સ્પે. આધાકર્મી ગોચરી મહરાજ સાહેબને ઉદ્દેશીને નિષ્કારણ બનાવવી નહિ.

• રસોઈ બનાવતી વખતે મહરાજ સાહેબને નજરમાં રાખીને વધુ ના બનાવાય. શાકભાજી, ફ્રૂટ વગેરે વનસ્પતિ, કાચું પાણી, અગ્નિ વગેરે અડીને વહોરાવાય નહિ.

• ગરમ દૂધ વગેરે ફૂંક મારીને ન વહોરાવવા ...



ભવ્ય
એક્ઝીબીશન
એક્સક્લુઝીવ ડિઝાઈનર ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરી
૨૩ ઓગસ્ટ થી ૨૬ ઓગસ્ટ
સવારે ૧૦.૩૦ થી ૮.૦૦
મહેશ શામજી ગોગરી
૯૮૨૧૧ ૧૦૮૯૫
મંથન મહેશ ગોગરી
૯૮૩૩૦ ૬૬૪૯૯
(નાગલપુર-બારોઈ)
સુરેશ ડૉ. નાનાલાલ દેઢિઆ
૯૮૧૯૦ ૮૭૧૫૫
ભવ્ય સુરેશ દેઢિઆ
૯૮૬૭૬ ૩૨૧૮૯
(નાગલપુર-દેવપુર-ગઢશીશા)
MOKKSH
DESIGNER GOLD & DIAMOND JEWELLERY
એફ/4, શ્રીરંગ બિલ્ડીંગ,
ચંદાવરકર રોડ, રામવાડીની સામે,
માટુંગા (સે.રે.)
TEL. : 2418 5666 / 5667
Mob. : 8779848814
@ : info@mokksh.com
BINITA MARU : 98690 34162

# કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ બેંગ્લોર મહાજન દ્વારા અષાઢી બીજ કાર્યક્રમ અને વાર્ષિક સામાન્ય સભા સંપન્ન

કચ્છી નુતન વર્ષ - અષાઢી બીજ નો કાર્યક્રમ રવિવાર તાઃ ૨૨-જુલાઈ-૨૦૧૮ કચ્છી ભવન જે.પી.નગર માં ખુબ ઉત્સાહથી ઉજવવામાં આવેલ સવાર ના ૮:૩૦ વાગે અલ્પા આહાર રાખવામાં આવેલ ત્યારબાદ ૧૦વાગે નવકાર મંત્ર થી કાર્યક્રમ ની શરુઆત કરવામાં આવેલ. પ્રમુખ શ્રી સતિષભાઈ દેવજી શાહએ સભ્યોનો સ્વાગત કરી નવ વર્ષ ની વધાઈ આપેલ.










ત્યાર બાદ મહિલામંચ તરફથી કચ્છ ઉપર પ્રશ્નોત્તરી નું કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં નલિયા, સુથરી, તેરા, કોઠારા અને જખૌ નામે ટીમ બનાવામાં આવેલ અને વિવિધ પ્રકારના રાઉન્ડ રમાડવામાં આવેલ રમતમાં નાના, મોટા અને વડીલો બધાએ ઉત્સાહ થી ભાગ લીધેલ. કચ્છ ઉપર ગણી નવી માહિતી આ પ્રશ્નોત્તરી ના કાર્યક્રમ થી બધાને જાણવા મળેલ. વિજેતા ટીમ ને પુરષ્કાર આપવામાં આવેલ.ત્યાર બાદ વાર્ષિક સામાન્ય સભા રાખવામાં આવેલ.

પ્રમુખ શ્રી સતીશ દેવજી શાહે બધાનો સ્વાગત કરી,કમિટીએ પુરા કરેલ કાર્યની સંક્ષેપમાં માહિતી આપેલ.માનદ-મંત્રી મિતેષ લોડાયાએ ગયા વર્ષ ની સામાન્ય સભાની બેઠક ની મિનીટ વાંચેલ જેને સર્વે મંજુરી આપેલ. સહમંત્રી નિર્મલાં બેન શાહએ ૨૦૧૭-૧૮ માં થયેલ કાર્યક્રમોની વિસ્ત્ટાર થી માહિતી આપેલ.

જેના પછી ખજાનચી કેતનભાઈ શાહે હિસાબ-કિતાબનો વાંચન કરેલ જેને સભ્યોએ મંજુરી આપેલ.

ત્યારબાદ પર્યુષણ બાબત વિચારણા કરવામાં આવ્ય પર્યુષણ ની ઉજવણી માટે પ્રભુજીને પધારવાનું લાભ દિનેશભાઈ મુલજી પીરે લીધેલ તથા પોંખવાનો લાભ શ્રી પ્રફુલ જયંતીલાલ ખોના પરિવારે લીધેલ.


મીટીંગ પછી સભ્યોએ સ્વાદિષ્ટ ભોજન નો લાઈ લયી બધા છુટા થયેલ.



॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪





આયોજીત

અચલગચ્છાધિપતિ તપ તપચક્રવર્તી તપસ્વીરત્ન

## પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

તથા

## ગુરૂ ભગવંતોને સાંવત્સરિક વંદન - ક્ષમાપના


તથા

## અબડાસાની નાની-મોટી પંચતિર્થિ રૂપ ચૈત્ય પરિપાટી

પર્યુષણ પર્વ દરમ્યાન શ્રાવકના પાંચ કર્તવ્યોમાંનો એક કર્તવ્ય એટલે ચૈત્ય પરિપાટી. આ વર્ષે આયોજેલ ચૈત્ય પરિપાટી કચ્છ ગઢસીસા મધે બિરાજમાન તપસ્વીરત્ન ગચ્છાધિપતિશ્રીને સાંવત્સરિક વંદન તેમજ અબડાસા તાલુકાના આપણા જૈન ચૈત્યોની નાની-મોટી પંચતિર્થી રૂપે પ્રસ્થાનમાં આપ સૌ જોડાઈ અમારા પ્રયત્નમાં અનેરો ઉત્સાહ વધારવા બદલ આપ સૌ યાત્રિકોને ધન્યવાદ. તેમજ ચૈત્ય પરિપાટી તીર્થ યાત્રાને સુખદ, સરાહનીય બનાવવા મુંબઈ મહાજનશ્રીના અધિકારીઓ દ્વારા આર્થિક સહયોગની ટહેલ-અપીલ કરાતાં **સ્વલક્ષ્મીને મહાલક્ષ્મી બનાવનાર દાતા પરિવારો...**

### મુખ્ય દાતાશ્રી





**માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર** (સુથરી - વરલી)

### સહાયક દાતાશ્રી

**માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર** (રાપર ગઢવારી - વાલકેશ્વર)


**હ. શ્રીમતી નિશાબેન હીતેશભાઈ માણેકજી મોતા**

ધર્મનિષ્ઠ બંને પરિવારો દાતા બની અમારા કાર્યને સફળ બનાવવા ઉત્સાહપ્રેરક જોમ પુરૂં પાડ્યું છે. બંને દાતાશ્રી પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના તેમજ ભવિષ્યમાં તેમના દ્વારા સાથ-સહકાર મળતો જ રહે એવી ઈશ્વરને પ્રાર્થના.

પ્રમુખશ્રી

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

# કલીકટ-બડગરાના જ્ઞાતિ ભાઈ-બહેનોએ ઉજવી કચ્છી અષાઢી બીજ




રવિવાર તા.૨૯ જુલાઈ ૨૦૧૮ના રોજ કલીકટના જૈન મહાજન વાડી હોલમાં સવારના ૧૦ કલાકે કલીકટ-બડગરા રહેવાસી ભાઈ-બહેનોએ કચ્છી નવા વર્ષની ઉજવણી કરી હતી. સર્વપ્રથમ કાર્યક્રમની શરૂઆતમાં ૧૦ કલાકે નાના-




ભુલકાઓ દ્વારા વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારબાદ અધિષ્ઠાત્રી મહાકાલી માતાજીની ભક્તિ ભાવના કરવામાં આવી હતી. ત્યારબાદ જ્ઞાતિના વડીલો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. અંતમાં સાંજે સર્વ ભાઈ-બહેનોએ ચૌવિહાર કરી છુટા પડ્યા હતા.






# Hattrick Moment Of 2017-18

insurancekhoj.com™
the ultimate stop for insurance ™









TATA AIG INSURANCE
WITH YOU ALWAYS

Top -10
In
Emrald Club
TATA AIG GIC

IFFCO-TOKIO
GENERAL INSURANC
Muskurate Raho

1st in West Zone
Highest
Premium Collection
IFFCO - TOKIO GIC

digit

3rd In All India
Highest
Premium Collection
Digit Insurance

સર્વ ગ્રાહકો, મિત્રો અને શુભેચ્છકોના
અમો આભારી છીએ

Yashodhan Karani - 9821137737 • Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900
# 404 BPS Plaza, Devidayal Road, Mulund West, Mumbai-80

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

# અંકલેશ્વરમાં સાધ્વીજી હર્ષનિધિશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી શ્રેયસ્કારાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ





અંકલેશ્વરમાં તા. ૨૩ જુલાઈ ૨૦૧૮ના સોમવાર રોજે પ.પૂ.સાધ્વીજી હર્ષનિધિશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી શ્રેયસ્કારાશ્રીજી મ.સા.નો શ્રી અચલગચ્છ જૈન ઉપાશ્રય, અલૌકિક પાર્શ્વનાથ દેરાસર જી.આઈ.ડી.સી. નવી કોલોની ખાતે



ચાતુર્માસ પ્રવેશ સકળ જૈન સંઘની ઉપસ્થિતિમાં વાજતે ગાજતે કરાયો. આ પ્રસંગે અંકલેશ્વર તથા આજુબાજુના પરિસર નગરોમાંથી તેમજ મુંબઈથી શ્રાવક-શ્રાવિકો પધાર્યા હતા. સામૈયા દરમ્યાન સંઘપૂજન કરવામાં આવ્યું હતું.





જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર
એક ગઢ ઋષભ સમોવસર્યા, એક ગઢ નેમકુમાર
ઉજ્જંત શૈલસિહરે દિક્ખા નાણં નિસિહા જસ્સ ।
તં ધમ્મચક્કવટ્ટીં, અરિટ્ઠ નેમિં નમંસામિ ॥
૯૯
।। श्री नव्वाणुं यात्रा ।।
અનાગત તીર્થંકરોની તારકભૂમિ...
સાધનાની સ્મારક ભૂમિ...
આપણી બની રહે ઉદ્ધારકભૂમિ...
એવા પરમ પવિત્ર મહાતીર્થ ગિરનારની
૬૦ દિવસીય નવ્વાણું યાત્રાનું ભવ્ય આયોજન
...પ્રારંભ...
વિ.સં. ૨૦૭૫
પોષ વદ ૨
મંગળવાર
તા.૨૨.૦૧.૨૦૧૯
...સંઘમાળ...
વિ.સં. ૨૦૭૫
ફાગણ વદ ૨
શુક્રવાર
તા.૨૨.૦૩.૨૦૧૯
...દિવ્યકૃપા વરસાવનારા...
રાષ્ટ્રસંત-ભારતદિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ
...પાવન નિશ્રા...
૫૨/૫૨ વર્ષીતપના પરમ આરાધક - તપચક ચક્રવર્તી - અચલગચ્છાધિપતિ
પ.પૂ. જૈનાચાર્ય ગુરુદેવ શ્રીમદ્ ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ
સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
સરળસ્વભાવી પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
આગમાભ્યાસી પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ. મુનિરાજ શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.
પ.પૂ. મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મ.સા.
આદિ વિશાળ શ્રમણ-શ્રમણીવૃંદ
પૃથ્વીના તિલક સમાન
જય જય ગરવો ગિરનાર...
...શુભ નિમિત્ત
તપચક ચક્રવર્તી
સમગ્ર શ્વે. જૈન સંપ્રદાયમાં
સૌથી પ્રથમ અગ્રિમ સ્થાને બિરાજમાન
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના
સળંગ સુવર્ણ વર્ષીતપ
સંયમ સુવર્ણ વર્ષની અનુમોદનાર્થે...
મુખ્ય સંઘપતિ પરિવાર : અ.સૌ. નીતાબેન નાનાલાલ કેસવજી (ઉર્ફે બાબુભાઈ ગાલા પરિવાર) કાંડાગરા-પરેલ
❊ ફોર્મ પરત મોકલવાના સ્થળો ❊
૯૯ યાત્રા શુભસ્થળ : શ્રી નેમિગુણ ગિરનાર જૈન ટ્રસ્ટ સંચાલિત - કચ્છીભવન, દુધેશ્વર-રૂપાયતન રોડ, ભવનાથ, ગિરનાર (જુનાગઢ).
આયોજક : શ્રી અચલગચ્છ ધર્મપ્રભાવક જૈન ગુણોદય ફાઉન્ડેશન
નવ્વાણું યાત્રાના મુખ્ય સંઘપતિ અ.સૌ. નીતાબેન નાનાલાલ કેસવજી ઉર્ફે બાબુભાઈ ગાલા પરિવાર એવં
નવ્વાણું યાત્રાના સંઘપતિ પરિવારોના વંદન... પ્રણામ... જય જિનેન્દ્ર...

# શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપમાં આદિનાથ દાદાનો દરબારની સજાવટ





શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપના યુવા પાંખના તરવરીયા બાળકોએ ચાતુર્માસ અને પર્યુષણ પર્વનો અનુલક્ષી તા.૨૯ જુલાઈના રોજે શ્રી આદિનાથ દાદાનો દરબાર ઉમંગ અને ભાવથી ભવ્ય રીતે સજાવ્યો હતો.

આ ભવ્યતાને સાકાર કરનાર યુવા પાંખના સભ્યો હતા વૈભવ લોડાયા, જય ઘરમશી, હર્ષ લોડાયા, દર્શન દેઢિયા, પરીન મોતા, હેમીન મોતા, ચાર્વી છેડા, નેહા લોડાયા અને મિતલ લોડાયા.

સકળ સંઘના સભ્યો ભવ્ય સજાવટના દર્શન કરી શણગાર કરનાર બાળકોની ખૂબ ખૂબ અનુમોદના કરી હતી.




**LA.LAA.PO.**

**VIPUL ESTATE AGENCY**

MAHA RERA Reg : A51800011694



Dealing in :
All kinds of
- Residential
- Commercial
- Properties
- Shops

(Sale, Purchase, Rent, Pre-Lease)

• Mulund • Bhandup •Thane
& All Over Mumbai

Email : vipularmada@gmail,com

Vipul L. Poladia
9833060660
9869167172
8369170575

Laxmichand L. Poladia
(LIC AGent)
09930008339
07567207479

Somchand Lodaya
(+91) 98671 70794 • 93222 75440

WORK IS WORSHIP

**MA OM PARIVAHAN PVT. LTD.**

A-104, Sai Classic Mahatma Phule Road,
Mulund (East), Mumbai - 400 081.
Tel. : 022-21636403 / 05 Fax : 022-21636394
Call : 9867170777 / 778 / 789
Email : somchand@maom.net
web : www.maomparivahan.com

**Warehouse / Works**
Near HP Petrol Pump, Mumbra-Panvel Road,
Dahisar (Mori), Dist. Thane
M. : 9867170790 / 781

|| શ્રી અનંતનાથાય નમઃ ||

# KDO શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

મુંબઈ સ્થિત પાલાણી વાડી વેંચાણની રકમ, **સખી દાતાઓ** દ્વારા **ભૂમિદાન** તથા **શેઠશ્રી લક્ષ્મીચંદ ધારજી મોતા** તરફથી માતબર રકમ અને **શ્રી અનંતનાથજી ટ્રસ્ટ** દ્વારા લોન - સહાય ફાળા દ્વારા ઐરોલી ખાતે મહાજન વાડી ચણતર થયેલ ઈમારત - અન્ટીરીઈર કાર્ય બાકી રહેતાં વણવપરાયેલી સ્થિતિમાં છેલ્લા ૩-૧/૨ વર્ષથી વિપરીત કારણો જેવા કે નોટબંધી, નાણાકીય વિકટ પરિસ્થિતિને કારણે પૂર્ણ નથી થયેલ.

સમય પરિવર્તન, જ્ઞાતિમાં સાનુકૂળ વાતાવરણ ચતુર્થ સંમેલન આયોજનની તડામર તૈયારીઓ ૨૦૧૪માં ગત મહાજનની **શ્રી નયન ભેદા**ની આગેવાની સમયે મહાજન વાડીની અંદર વિવિધ જગ્યાએ નામકરણ (તક્તિ) આયોજનની યોજના નક્કી કરાયેલ જે અત્રે આપેલ છે. આપ સૌ જ્ઞાતિજનોને, દેશાવરના મહાજનોને નામ આપવાની શરતે વડીલોની સ્મૃતિપટ રૂપે ઉદાર દિલે આપની ઈચ્છાનુસાર ફાળો નોંધાવી મહાજન વાડીનું કાર્ય ત્વરિત વેળાએ પૂર્ણ કરાવવામાં સહભાગી થઈ અમને પ્રેરક બળ અર્પશો. એવી આપ સૌ જ્ઞાતિજનોને વિનમ્ર ભાવે અપીલ.

| શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ<br>સંચાલિત<br>કસ્તૂરી-પદમ ભવન વિવિધલક્ષી સંકુલ-ઐરોલી, ભંડોળ યોજના | | K.D.O. Jain Gnati Mahajan - Mumabi<br>Kasturi-Padam Bhavan Vividhlaxi Complex - Airoli<br>Scheme for Funds Gathering | |
|---|---|---|---|
| ૧) | મેઈન ગેટ : રૂ. ૧ કરોડ ૨૫ લાખ | 1) | Main gate : ₹ 1 crore 25 lakhs |
| | બેક ગેટ : રૂ. ૫૧ લાખ | | Back gate : ₹ 51 lakhs |
| ૨) | બેઝમેન્ટ : રૂ. ૨૫ લાખ | 2) | Basement : ₹ 25 lakhs |
| ૩) | પેસેજ | 3) | Wing |
| | પેસેજ ૧ : રૂ. ૨૧ લાખ | | 1st wing : ₹ 21 lakhs |
| | પેસેજ ૨ : રૂ. ૨૧ લાખ | | 2nd wing : ₹ 21 lakhs |
| | પેસેજ ૩ : રૂ. ૨૧ લાખ | | 3rd wing : ₹ 21 lakhs |
| | પેસેજ ૪ : રૂ. ૨૧ લાખ | | 4th wing : ₹ 21 lakhs |
| ૪) | પેસેજ (B) | 4) | Wing (B) |
| | પેસેજ ૧ : રૂ. ૧૧ લાખ | | 1st wing : ₹ 11 lakhs |
| | પેસેજ ૨ : રૂ. ૧૧ લાખ | | 2nd wing : ₹ 11 lakhs |
| | પેસેજ ૩ : રૂ. ૧૧ લાખ | | 3rd wing : ₹ 11 lakhs |
| | પેસેજ ૪ : રૂ. ૧૧ લાખ | | 4th wing : ₹ 11 lakhs |
| ૫) | પેહલા માળની રૂમો | 5) | Rooms on 1st floor |
| | નં. ૧ : રૂ. ૨૫ લાખ | | No. 1 : ₹ 25 lakhs |
| | નં. ૨ : રૂ. ૨૫ લાખ | | No. 2 : ₹ 25 lakhs |
| ૬) | બીજા માળની રૂમો | 6) | Rooms on 2nd floor |
| | નં. ૧ : રૂ. ૧૫ લાખ | | No. 1 : ₹ 15 lakhs |
| | નં. ૨ : રૂ. ૧૫ લાખ | | No. 2 : ₹ 15 lakhs |
| | નં. ૩ : રૂ. ૧૫ લાખ | | No. 3 : ₹ 15 lakhs |
| | નં. ૪ : રૂ. ૧૫ લાખ | | No. 4 : ₹ 15 lakhs |
| ૭) | ત્રીજા માળની રૂમો | 7) | Rooms on 3rd floor |
| | નં. ૧ : રૂ. ૧૫ લાખ | | No. 1 : ₹ 15 lakhs |
| | નં. ૨ : રૂ. ૧૫ લાખ | | No. 2 : ₹ 15 lakhs |
| | નં. ૩ : રૂ. ૧૫ લાખ | | No. 3 : ₹ 15 lakhs |
| | નં. ૪ : રૂ. ૧૫ લાખ | | No. 4 : ₹ 15 lakhs |
| ૮) | મેઈન બેન્કવેટ હોલ : રૂ. ૨ કરોડ ૫૧ લાખ | 8) | Main Banquet Hall : 2 coror 51 lakhs |
| ૯) | ચોથા માળની રૂમો | 9) | Rooms on 4th floor |
| | નં. ૧ : રૂ. ૧૫ લાખ  નં. ૫ : રૂ. ૧૫ લાખ | | No. 1 : ₹ 15 lakhs  No. 5 : ₹ 15 lakhs |
| | નં. ૨ : રૂ. ૧૫ લાખ  નં. ૬ : રૂ. ૧૫ લાખ | | No. 2 : ₹ 15 lakhs  No. 6 : ₹ 15 lakhs |
| | નં. ૩ : રૂ. ૧૫ લાખ  નં. ૭ : રૂ. ૧૫ લાખ | | No. 3 : ₹ 15 lakhs  No. 7 : ₹ 15 lakhs |
| | નં. ૪ : રૂ. ૧૫ લાખ  નં. ૮ : રૂ. ૧૫ લાખ | | No. 4 : ₹ 15 lakhs  No. 8 : ₹ 15 lakhs |
| ૧૦) | મિની હોલ : રૂ. ૫૧ લાખ | 10) | Mini Hall : ₹ 51 lakhs |
| ૧૧) | પેન્ટ્રી : રૂ. ૧૪ લાખ | 11) | Pantry : ₹ 14 lakhs |
| ૧૨) | સ્ટોર રૂમ ૧ : ૫.૫ લાખ | 12) | Storeroom : ₹ 5.5 lakhs |
| | સ્ટોર રૂમ ૨ : ૫.૫ લાખ | | Storeroom : ₹ 5.5 lakhs |
| ૧૩) | લિફ્ટ ૧ : રૂ. ૧૫ લાખ | 13) | Lift no. 1 : ₹ 15 lakhs |
| | લિફ્ટ ૨ : રૂ. ૧૫ લાખ | | Lift no. 2 : ₹ 15 lakhs |
| ૧૪) | સાધારણ ફંડ : રૂ. ૧૧૧,૧૧૧/- | 14) | Ordinary fund : ₹ 111,111/- |
| ૧૫) | સંપૂર્ણ વાડીનું રાચરચીલું : રૂ. ૫૧ લાખ | 15) | Complete furniture works of hall : ₹ 51 lakhs |

# શ્રી અરિહંત કો.ઓપ.બેંક દ્વારા FD ના વ્યાજ દરમાં વધારો

આજે જ્યારે સતત ફીક્સ ડિપોઝીટ પર અપાતા વ્યાજ દરોમાં ઘટાડો કરતી રહી છે ત્યારે શ્રી અરિહંત કો.ઓપ.બેંકએ તેમના થાપણદારોને રાહત આપતાં એફડી પર અપાતા વ્યાજ દરમાં વધારો કર્યો છે. તા.૧લી ઓગસ્ટથી એફડી ઉપર નીચેના દરે વ્યાજ આપવામાં આવશે.

વધુ વિગત માટે મુલુંડ બ્રાન્ચ ૦૨૨-૨૫૬૪૭૧૫૭, ૭૯૭૭૦૯૯૮૧૦ નંબરનો સંપર્ક કરવો.

| ડિપોઝીટ પીરિયડ | હાલના દર (%) | સુધારિત દર (%) | સિનીયર સીટીઝન માટેના દર (%) |
|---|---|---|---|
| ૧૫ થી ૯૦ દિવસ | ૪.૦૦ | ૪.૦૦ | ૪.૦ |
| ૯૧ થી ૧૮૦ દિવસ | ૪.૫૦ | ૫.૦૦ | ૫.૦ |
| ૧૮૧ થી ૩૬૪ દિવસ | ૫.૦૦ | ૫.૫૦ | ૫.૫ |
| ૧૨ મહિનાથી ૨૪ મહિના | ૬.૦૦ | ૬.૫૦ | ૭.૦ |
| ૨૫ મહિનાથી ૩૬ મહિના | ૬.૫૦ | ૭.૦૦ | ૭.૫ |
| ૩૭ મહિનાથી ૪૮ મહિના | ૭.૦૦ | ૭.૨૫ | ૭.૭૫ |
| ૪૯ મહિનાથી ૫૯ મહિના | ૭.૫૦ | ૭.૫૦ | ૮.૦ |
| ૬૦ મહિના | ૭.૭૫ | ૭.૭૫ | ૮.૨૫ |
| ૬૧ મહિનાથી ૧૨૦ મહિના | ૬.૨૫ | ૬.૫૦ | ૭.૦ |

# શ્રી અરિહંત કો.ઓપ.બેંકની એન્યુઅલ જનરલ મિટીંગ

શ્રી અરિહંત કો.ઓપ.બેંકની ૩૫મી એન્યુઅલ જનરલ મિટીંગનું આયોજન શનિવાર, તા.૨૫ ઓગસ્ટના રોજ શ્રી મહાકવિ કાલિદાસ ઓડિટોરીયમ ખાતે બપોરનાં ૩ કલાકે રાખવામાં આવેલ છે.

એક અખબારી યાદીમાં જણાવવામાં આવેલ કે રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના નવા કાયદા પ્રમાણે કોઈપણ સભ્ય સતત પાંચ વર્ષ સુધી એન્યુઅલ જનરલ મિટીંગમાં ગેરહાજર રહેશે તો એનો વોટીંગ રાઈટ રદ્દ બાતલ ગણાશે. તદુપરાંત તેને મેમ્બરશીપ માટે મળતા રાઈટ્સનો પણ રીસ્ટ્રીક્શન કરી આપવામાં આવશે. જેની દરેક મેમ્બરોએ નોંધ લેવા વિનંતી.



# સામાન્ય સભા

જય જય શ્રી અનંતનાથ,

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની એક **સામાન્ય સભા** સંવત ૨૦૭૪ ના શ્રાવણ સુદ ૧૪ના **શુક્રવાર તા. ૨૪-૦૮-૨૦૧૮**ના **સાંજના ૬.૩૦ કલાકે, શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજીના ઉપાશ્રય**માં નીચે દર્શાવેલ કાર્યસૂચી પર સામાન્ય સભામાં ચર્ચા, વિચારણા અને નિર્ણય લેવા બાબત એકત્ર થશે.

## કાર્યસૂચી

૧) ગત તા. ૧૬-૦૩-૨૦૧૭ ની સભાની કાર્યવાહિનું વાંચન અને બહાલી.

૨) જ્ઞાતિનું અધિકૃત વસ્તીપત્રક એપમાં આમેજ જ્ઞાતિ કુટુંબોના સમનામાં, સભ્યોની સંખ્યા તથા અન્ય માહિતિ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના પરિસરમાં રહેતા પરિવારો અધિકૃત ગણવા બાબત.

૩) શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન (તા ૨૩ થી ૨૫ ડીસે. ૨૦૧૮ નલિયા- મધે) ચતુર્થ સંમેલનમાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની હદમાં રહેતા જ્ઞાતિજનો માંથી " પ્રતિનિધીઓ"ની નિમણૂક કરવા બાબાત.

૪) પ્રમુખશ્રીની મંજૂરીથી કે તેમના દ્વારા જે કાંઈ રજુઆત થાય તે.

**એજ. લિ. : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ**
**રમેશ હીરજી લોડાયા, ચેતનકુમાર ખીમજી મોમાયા**
**(માનદ મંત્રીઓ)**

નોંધ :

૧) સભાના મુકરર થયેસ સમયથી અડધા કલાકની અંદર કાર્યસાધક હાજરી ન થાય તો તે સભા બંધારણની કલમ ૧૨ (૧) મુજબ મુલત્વી રહેલી સભા અડધા કલાક બાદ તે જ સ્થળે મળશે.

૨) મુલતવી રહેલી સભામાં કાર્યસૂચી ઉપર દર્શાવેલ કાર્યો જ હાથ ધરી શકાશે. પ્રમુખશ્રી તરફથી કે તેમની સંમતિથી અથવા કોઈ રીતે નવીન કાર્યો હાથ ધરી શકાશે નહીં.

## શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ-મુલુંડ 'પાવાગઢ યાત્રા પ્રવાસ'

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડના નેજા હેઠળ દર મહિને મુલુંડ મધ્યે અચલગચ્છના અધિષ્ઠાયીકા ભગવતી દેવી શ્રી મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવે છે. ઈ.સ.૧૯૬૭થી શરૂઆત થયેલ આ ભાવનાના આયોજનને આ વર્ષે ૫૦ વર્ષ પુર્ણ થઈ રહેલ છે.

સપ્ટેમ્બર મહિનામાં સ્વર્ણીમ વર્ષની પુર્ણાહુતિ નિમિતે મંડળ દ્વારા એક દિવસીય પાવાગઢ યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે. બુધવાર તા.૨૬-૦૯-૨૦૧૮ના મુંબઈથી ટ્રેન દ્વારા રવાના થઈ ગુરુવાર તા.૨૭-૦૯-૨૦૧૮ વડોદરા સવારના પહોંચીને ત્યારબાદ પ્રથમ પાવાગઢ અને બપોર બાદ શ્રી મણીલક્ષ્મી તીર્થના દર્શનનું આયોજન યોજેલ છે. રાત્રે વડોદરાથી ટ્રેન દ્વારા મુંબઈ તરફ પ્રયાણ કરી શુક્રવાર તા.૨૮-૦૯-૨૦૧૮ના સવારના મુંબઈ આગમન.

મંડળ આયોજીત આ યાત્રા પ્રવાસમાં બહોળી સંખ્યામાં જોડાવા મુલુંડમાં વસતા ભાવિકોને ભાવભર્યું આમંત્રણ છે. આ યાત્રા પ્રવાસની વધુ વિગતો અને નામ નોંધાવા માટે મહેશ દંડ - ૯૭૬૯૨૬૦૭૩૯ અને પંકજ ખોના - ૭૫૦૬૩૩૩૮૨૨ નંબર પર સંપર્ક કરવા વિનંતી.

## શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા હેલ્ધી બેબી સેશન પાંચનું આયોજન

મંડળના નેજા હેઠળ હેલ્થ ફોરમ દ્વારા હેલ્ધી સીઝન-૫નું આયોજન કરવામાં આવેલ છે. આ આયોજનમાં ૮૦ સભ્યોના નામ નોંધાયા છે. સદર કાર્યશાળા ૧ ઓગસ્ટથી વીરજી જીવરાજ મેપાણી હૉલ, મુલુંડ ખાતે કાર્યરત થઈ ગઈ છે. આ હેલ્ધી કાર્યશાળામાં મુખ્યત્વે ફીટનેશ રહેવાની કસરતો કરાવવામાં આવે છે તેમજ ડાયટ સંબંધી જાણકારીઓ સમયે સમયે આપવામાં આવે છે. આ કાર્યક્રમ દર સોમ, બુધ અને શુક્રવારના સવારના ૬ થી ૭ અને ૭ થી ૮ એમ બે બેચમાં ચલાવવામાં આવે છે. તેવું અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.




## શ્રી સ્વસ્તિક ગ્રુપ ડોંબિવલી આયોજિત ચૈત્ય પરિપાટી

શ્રી સ્વસ્તિક ગ્રુપ ડોંબિવલી દ્વારા તા.૪ ઓક્ટો. ગુરુવારથી તા.૮ ઓક્ટો. સોમવાર સુધી ચૈત્ય પરિપાટીનું આયોજન કરાયેલ છે. જેમાં જલગાંવ, મલકાપુર, ખામગામ, બાળાપુર, શેગાંવ શ્રી ગજાનન મહારાજ, આકોલા અંતરીક્ષ પાર્શ્વનાથ તથા નાંદેડ તીર્થની યાત્રા લાભ કરાવાશે.

યાત્રિક દીઠ રૂ.૨૭૦૦ નોન રીફંડેબલ રાખેલ છે. શ્રી સંઘપૂજન નકરો રૂ.૫૦૧ પ્રતિ ૧ આની નીધરિલ છે. અંદાજિત આઠ તીર્થ તેમજ એક હિન્દુ પ્રાચીન તીર્થનો સમાવેશ કરાયેલ છે. ૩ વર્ષ કે તેનાથી ઉપરના બાળકો માટે સંપૂર્ણ રકમ ભરવાની રહેશે. વહેલો તે પહેલોના ધોરણે માત્ર ૧૦૦ જણને લેવાના હોવાથી તા.૧૫ ઓગસ્ટ સુધી નામ નોંધણી કરાવી શકાશે. યાત્રા પ્રવાસ વખતે યાત્રિકે આધારકાર્ડ સાથે રાખવું જરૂરી. નામ નોંધણી માટે રીશી લોડાયા - ૯૧૬૭૨૮૧૦૮૬ અને જીગ્નેશ લોડાયા - ૯૧૬૭૯૨૧૬૮૨ નો સંપર્ક કરવો. મુખ્ય સંઘપતિ રૂ.૫૧,૦૦૦, સહયોગી સંઘપતિ રૂ.૨૫,૦૦૦, તીર્થ વિહાર દાતા એક બસ દીઠ રૂ.૨૧,૦૦૦, એક દિવસની સાધર્મિક ભક્તિ રૂ.૧૫,૦૦૦, નવકારશી રૂ.૩,૦૦૦, બપોરનું ભોજન રૂ.૭,૫૦૦, બપોરની ચા-કોફી રૂ.૧,૫૦૦, ચૌવિહાર રૂ.૫,૦૦૦ નો લાભ દાતાશ્રી લઈ શકશે.

## શ્રી ભલારાદાદા ભાવિક ગ્રુપ-વરંડી મોટી

શ્રી ભલારાદાદા કુળદેવી સચ્ચાઈ માતાજી તથા ક્ષેત્રપાળ દાદા-મોટી વરંડી સ્થાનકે ધ્વજા મહોત્સવ તા. ૧૨-૧૨-૨૦૧૮ બુધવાર માગશર સુદ ૫ ના વિજય મુર્હુતે ઉજવાશે. મુંબઈનીમ ફેબ્રુઆરી'૧૮ ના પહેડી પ્રસંગે અપાયેલ આદેશ મુજબ શિખર તથા ઘુમ્મટની ધ્વજા માતુશ્રી ચંદનબાઈ કલ્યાણજી ભાણજી લોડાયા-વરંડી પરિવારના સભ્યો દ્વારા લહેરાવવામાં આવશે. ભાવિકો કચ્છ એક્સપ્રેસ ટ્રેન દ્વારા તા. ૧૦-૧૨-૧૮ ને સોમવારના રવાના થશે.

આ પ્રસંગે પધારનાર ભાવિકો અગાઉથી નામ નોંધાવે જેથી સ્થાનકે વ્યવસ્થા કરવામાં સુગમતા રહેશે. સંપર્ક : મણિલાલ ડી. શાહ ૯૩૨૨૨૭૬૨૯૬, રમેશ હીરજી લોડાયા- ૯૮૨૦૦૩૯૪૦, અનિશ દિનેશ લોડાયા- ૯૮૩૩૫૧૧૬૮૫


**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org

**અથવા વૉટસએપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**

• Exclusive Gharchola
• Bandhani
• Patola • Panetar
• Chaniya Choli
• Designer Saree

જ્યોતિ
Silk Saree Emporium

28, Gani Mansion, Shop No.1, Behind Arora Cinema
Matunga (C.R.), King Circle, Mumbai - 400 019.
Tel. : 24043995 • Time : 11 am to 7 pm
Sunday Closed

# Shree KDO Students Association

Estd. 1954

ON OCCASION OF

65TH ESTABLISHMENT DAY

Organise's

# SAWALOTSAV

## Sawalo Ki Sham...

QUIZ

## Aapke Naam...!



**19th AUGUST 2018,**

**Sunday 2.30 PM Onwards**

Zaverben Popatlal Auditorium, Near Ghatkopar Station East.

**For Details & Registration**

**9769502277 EKTA | 8291929343 LABDHI**

Email us : shreekdovs@gmail.com

Follow Us on Social Media | / Shreekdovs

# સુરતમાં શ્રી મહાકાળીમાઁની ભક્તિ ભાવનાનું આયોજન




શ્રી અચલગચ્છ જૈન સંઘ સુરતમાં તા.૨૯ જુલાઈ રવિવાર સવારના ૯ થી ૧૧ પ.પૂ. સાધ્વી શ્રી ભદ્રગુણા મ.સા આદી ઠાણા ૩ ની નિશ્રામાં શ્રી શાંતિનાથ જૈન સંઘ-સુરત પરબત પાટીયા સુરત ખાતે અનંત મિત્ર મંડળ ભાંડુપ ભણાવી હતી.

પ્રસાદ તથા આરતીના ચડાવાનો લાભ અ.સૌ હર્ષિકાબેન હિરાચંદ છેડા પરિવાર નલિયા તથા જયવંતીબેન ગુલાબ છેડા પરિવાર જસાપર બન્ને હાલ સુરતવાળાએ લાભ લીધો.

વાજતે ગાજતે ચુંદડી ચડાવવાનો લાભ ભુરચંદજી વગતારમલજી બોરા પરિવાર સુરતવાળાએ લીધો.




## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સુરતમાં પ.પૂ.સાધ્વી શ્રી ભદ્રગુણા મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ





શ્રી અચલગચ્છ જૈન સંઘ સુરતમાં પ.પૂ. સાધ્વી શ્રી ભદ્રગુણા મ.સા આદી ઠાણા ૩ ની શ્રી સંઘે વાજતે ગાજતે સ્વાગત કર્યું હતું. આ ચાતુર્માસ પ્રવેશમાં ગામના સર્વ ભાઈ-બહેનોએ હોશે હોશે ભાગ લીધો હતો.









● ગુજરાત સરકાર હરિયાળી ઊર્જાને ઉત્તેજન આપવા ધરતી પુત્રોને દિવસ દરમ્યાન વીજળી મળે એ વીજળી માંથી પોતાની ખેતી કરે સાથે સાથે વીજળી ઉત્પન્ન કરી આવક રળી શકે તેવા હેતુસર સૂર્ય શક્તિ યોજના અમલમાં લાવી છે. ખેત જમીન પર સૌપ ઉર્જા સાધનો લગાવી ખેડૂતો પોતે ગ્રીડમાં વીજળી વેચી રળતર મેળવી શકશે.

● સોની ટીવીના ગેમ શો ''દસ કા દમ''માં મૂળ સુથરીના હાલે કાંદિવલી વસતા મુલેશ જોષી કોઈપણ લાઈનના ઉપયોગ કર્યા વિના ૩૬ લાખ જેટલી માતબર રકમ જીતી હતી. એચ.પી.ગેસ એજન્સી તથા ટ્રાન્સપોર્ટના વેપારી મુલેશભાઈ જોષી સાથે તેમના રંજનબહેન અને મિત્ર રમેશભાઈ રાજગોર સલમાનના હાથે ચેક સ્વીકારવા સમયે ઉપસ્થિત રહ્યાં હતા.

● પશ્ચિમ કચ્છના નખત્રાણા તાલુકામાં વિથોણ ગામે આરોગ્ય કેન્દ્ર લાંબા સમયથી તબીબના ગેરહાજરીથી બીમાર છે. આને લીધે માત્ર વિથોણ જ નહીં પણ આજુબાજુના દેવપર લાખિયારવીરા, સાંયરા ઘાવડા, ચાવડા, અધોછની, કોટડા (ચ.) આનંદનગર, મોરઝર વિગેરે ગામના દર્દીઓ પણ હેરાન છે.

● ભચાઉના રાજબાઈ માતાજી મંદિર સંકુલમાં ભજનાનંદી પાબુભાઈ ગઢવી દ્વારા સંપૂર્ણ પૂર્ણ કક્ષાની સંગીત તાલીમ શાળાનો પ્રારંભ કરાયો કોઈપણ નાતજાતના ભેદ વગર નાનાથી વૃધ્ધ સુધી અહીં તાલીમ બધ્ધ શિક્ષક, સંગીત સાધનો તેમજ સાઉન્ડ પ્રુફ સ્ટુડિયોની મદદથી રહેવા જમવાની સુવિધા સાથે તાલીમ મેળવી શકશે.

● કચ્છની સાહિત્યિક અને સાંસ્કૃતિક નગરી કહેવાતા આદિપૂરના બે સિંધી સાક્ષરો લખની ખિલાણી અને કલા પ્રકાશના પુસ્તકો મુંબઈ યુનિવર્સીટીના અભ્યાસ ક્રમમાં સમાવેશ કરાયા છે.

● મિરઝાપર (તાલુકા ભુજ) ગાયત્રી પરિવારના સદસ્યા મીનાક્ષી આચાર્ય છેલ્લાના એક વર્ષમાં નવા કોટનના કપડામાંથી બાસ્કેટ ટાઈપ અસ્તર વાળી૧૫૧ થેલીઓ જાતે સીવીને વિનામૂલ્યે લોકોમાં વિતરણ કર્યુ છે. લાંબા સમયથી પર્યાવરણને નુકસાન કરતા પ્લાસ્ટિક ઝબલાના વપરાશ પર રોક લગાવવાની ઝૂંબેશ ચાલુ છે. ત્યારે સામાન્ય મહિલાએ આ ચળવળમાં પોતાનો યથા યોગદાન આપ્યું છે.

● અદાણી ફાઉન્ડેશન તથા તાલુકા હેલ્થ ઓફિસ મુંદરાના સંયુક્ત ઉપક્રમે મહિલાઓ માટે સ્ત્રીરોગ સંબંધી મેગા નિદાન સારવાર કેમ્પમાં ૪૧૮ સ્ત્રીઓની ગેઈમ્સ, જી.કે. જનરલ હૉસ્પિટલમાં તપાસણી કરાઈ.

● શ્રમ અને રોજગાર વિભાગના નેજા હેઠળ બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા બાંધકામ શ્રમિકોના આરોગ્ય માટે ધનવંતરિ આરોગ્ય રથ-મેડિકલ મોબાઈલ વાહનથી વિનામૂલ્યે આરોગ્ય તપાસી લેબ અને જરૂરી દવાઓ આપાઈ. વર્ષ દરમ્યાન૨૬૫૫૪ બાંધકામ શ્રમિકોની વિનામૂલ્ય તપાસણી કરાઈ જેમાં ૫૦ ટકા ચામડી રોગના દર્દીઓ, ૨૦ ટકા શારીરિક નબળાઈ, ૧૦ ટકા તાવ ઉધરસ તથા ૨૦ ટકા સાંધાના દુઃખાવાના દર્દી ઓની તપાસ થઈ.

● ભુજના લાલ ટેકરી વિસ્તારના રણછોડ રાય સત્સંગ મંડળ દ્વારા દરમહિને યોજતા મફત નેત્રયજ્ઞમાં અમાસના નેત્રયજ્ઞમાં ૨૫૯ વ્યક્તિઓની આંખની તપાસણી કરાઈ. જેમાંના ૬૩ વ્યક્તિઓને રાજકોટ ખાતે ઓપરેશન કરવા લઈ જવાયા હતા.

● કચ્છી વીશા ઓસવાળ મહાજન ભુજ સંચાલિત મહાજનનું મામેરૂ યોજના અંતર્ગત શાંતિલાલ કાનજી ગડા પાર્ટી પ્લોટ ખાતે ૨૨૩ મો લગ્ન યોજાયો. આયોજનમાં મહાજન તરફથી ૧૧ હજારના બોન્ડ તેમજ અલગ અલગ દાતાઓ તરફથી વિવિધ ભેટ અર્પણ કરાઈ. સંસ્થા દ્વારા ૨૦૦ લોકોમાટે ભોજન, વાડી, મંડપ, સાઉન્ડ, ડેકોરેશન સહિતની વ્યવસ્થા કરાય છે. આ યોજનામાં કોઈ પણ ધર્મ જ્ઞાતિના પરિવારો લાભ લઈ શકે છે.

# શ્રી સ્વસ્તિક ગ્રુપ ડોંબિવલી

કાર્યાલય : ૨૧, ગુલાબ નિવાસ, ત્રીજે માળે,
ગાવદેવી, ઘનશ્યામ ગુપ્તે રોડ,
ડોંબિવલી (વેસ્ટ) – ૪૨૧ ૨૦૨.

# ચૈત્ય પરિપાટી

ગુરૂવાર, તા. ૦૪.૧૦.૨૦૧૮ થી
સોમવાર, તા. ૦૮.૧૦.૨૦૧૮

તીર્થ યાત્રા કરનાર, તીર્થ યાત્રા કરાવનાર તીર્થ યાત્રાની અનુમોદના કરનાર એ ત્રણેય દ્વારા પૂણ્યાનુંબંધી પૂણ્ય બંધાય છે.

- શ્રી જલગામ તીર્થ
- શ્રી મલકાપુર તીર્થ
- શ્રી ખામગામ તીર્થ
- શ્રી બાલાપુર તીર્થ
- શ્રી શેગાંવ તીર્થ – શ્રી ગજાનન મહારાજ
- શ્રી આકોલા તીર્થ
- શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ તીર્થ
- શ્રી નાંદેડ તીર્થ

યાત્રિક દીઠ
તીર્થ યાત્રા
રૂા. **૨,૭૦૦/–**
નોન રીફંડેબલ

## દાતાશ્રીઓ આવકાર્ય...

**મુખ્ય સંઘપતિ**
રૂા. ૫૧,૦૦૦/–

**સહયોગી સંઘપતિ**
રૂા. ૨૫,૦૦૦/–

**તીર્થ વિહાર**
દાતાશ્રી કુલ – ૨ બસ
૧ બસ દીઠ :
રૂા. ૨૧,૦૦૦/–

**સંપૂર્ણ ૧-દિવસની સાધર્મિક ભક્તિ**
૧ દિવસ દીઠ:
રૂા. ૧૫,૦૦૦/–

**નવકારશી**
રૂા.૩,૦૦૦/–
**બપોરનું ભોજન**
રૂા. ૭,૫૦૦/–

**બપોરની ચા-કોફી**
રૂા. ૧,૫૦૦/–
**ચૌવિહાર**
રૂા. ૫,૦૦૦/–

શ્રી સંઘપૂજન નકરો રૂા. ૫૦૧/- ૧ આની દીઠ રાખેલ છે. નામ જરૂરથી નોંધાવશો.
યાત્રા પ્રવાસ નોંધણીની અંતિમ તારીખ : બુધવાર, તા. ૧૫.૦૮.૨૦૧૮
૩ વર્ષ અને તેનાથી ઉપરના બાળકોની યાત્રાની રકમ સંપૂર્ણ ભરવાની રહેશે.
વહેલા તે પહેલાના ધોરણે માત્ર ૧૦૦ વ્યક્તિઓ જ યાત્રા પ્રવાસમાં જોડાઇ શકશે.
નામની નોંધણી અને યાત્રા પ્રવાસ વખતે આધાર કાર્ડ સાથે લાવવો જરૂરી છે.
અંદાજીત ૮ તીર્થ તેમજ ૧ હિન્દુ પ્રાચીન મંદિરનો સમાવેશ... માટે આજે જ સંપર્ક કરો.

**શ્રી સ્વસ્તિક ગ્રુપ**

| શ્રી હિતેશ નાગડા | શ્રી જયેશ લોડાયા | શ્રી ગૌતમ ધુલ્લા |
|---|---|---|
| ૯૩૨૧૬૭૦૦૩૯ | ૭૫૦૬૦૯૩૯૭૦ | ૯૮૧૯૫૩૮૧૮૯ |

**નામ નોંધણી માટે સંપર્ક**
રિશી લોડાયા–મોબાઇલ કેર શોપ, ઘનશ્યામ ગુપ્તે રોડ,
પટેલ ઓપ્ટીકની સામે, ડોંબિવલી (વેસ્ટ)–૪૨૧૨૦૨. મો. ૯૧૬૭૨૮૧૦૮૬
જીજ્ઞેશ લોડાયા–પ્રતિક કલેક્શન, ૧૬, ભાગ્યોદય બીલ્ડીંગ,
કેલકર રોડ, ડોંબિવલી (ઇસ્ટ) – ૪૨૧ ૨૦૧. મો. ૯૧૬૭૯૨૧૬૮૨

# જીવન ઘટમાળ

● જન્મ નોંધ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૦૭-૧૮ | મુલુંડ | અંતરીક્ષ, મલ્લિકા, ખિરેશ લલિત દંડ | છાડુરા | પુત્ર |

● જ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૭-૨૦૧૮ | નિઝામાબાદ | મીત નિલેશ ઉત્તમચંદ મોતા | વારાપધર | ૨૫ |
| | ગાંધીધામ | નિશા હિતેશ શાંતિલાલ મોમૈયા | સાંયરા | ૨૧ |
| ૨૯-૦૭-૨૦૧૮ | મુલુંડ | અનુપ (અર્જુન) જયંતીલાલ હંસરાજ લોડાયા | મોટીખાવડી | ૩૩ |
| | ડોંબીવલી | ડોલી ખુશાલ રામજી ખોના | કોઠારા | ૩૩ |
| ૨૯-૦૭-૨૦૧૮ | ગાંધીધામ | પ્રણવ જવેરચંદ ખોના | સાંધવ | ૨૪ |
| | અમલનેર | માનસી હરીશભાઈ લોડાયા | નલીયા | ૨૩ |

● આંતરજ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૦૭-૨૦૧૮ | ડોંબીવલી | રૂષભ જીતેન્દ્ર લાલજી મહેતા | ગઢસીશા | ૩૦ |
| | અંજાર | હાર્દિકા કીર્તિકુમાર ખેતશી ધરમશી | તેરા | ૩૦ |

● આંતરજ્ઞાતિ લગ્ન નોંધ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૭-૧૮ | દહીસર | નિરવ ઉર્વીશ નવનીતલાલ શાહ | દહીંસર | ૩૫ |
| | ડોંબીવલી | હેતવી પુનમચંદ વેલજી મૈશેરી | મોટી સિંધોડી | ૩૨ |

● સગપણ છુટા ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૭-૧૮ | ખિરકીયા | વિરાજ ઉમેશ ભવાનજી નાગડા | લાલા | ૨૪ |
| | ઈન્દોર | હિરલ કિશોર લક્ષ્મીચંદ ખોના | જખૌ | ૨૪ |

● મરણનોંધ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૭-૧૮ | સાયન-કોલીવાડા | કલ્પના જવેરચંદ વીકમશી | જખૌ | ૬૩ |
| ૩૧-૦૭-૧૮ | મુલુંડ (૫) | પ્રવિણચંદ્ર ખીમજી દંડ | ભરૂડીયા | ૭૨ |
| ૦૧-૦૮-૧૮ | પુના | ચારૂલતા (ચંપા) ચંદ્રકાંત ખોના (ભાટે) | નલીયા | ૭૧ |


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922, 9322257731**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

# Bipin Nagda Insurance Services



India's Leading Insurance Agent

**ISO 9001:2008 CERTIFIED COMPANY**

**Off:** 682, Ajanta Compound, Bhiwandi, Dist-Thane 421 305

**Helpline:** 02522 - 254011, 231411, 232190

**Tel.** 02522-254012 / 13 **Mob: 9323525000**

**Email: bipinpnagda@gmail.com**

**Web: www.bipinnagda.com**

ISO 9001:2008 INSURANCE SERVICES CERTIFIED COMPANY You're safe in our hands

EVERYTHING IN INSURANCE 41 YEARS SINCE - 1977 YEARS OF SERVICE

## ABOUT US

- All Insurance Solutions under one Roof.
- Dealing with Brands

LIC | Apollo Munich | ICICI Lombard | Reliance General Insurance | IFFCO-TOKIO General Insurance | Bajaj Allianz | Star Health Insurance | Chola MS General Insurance | Religare Health Trust | Liberty Videocon General Insurance

- Claim Consultancy
- Mediclaim / Personal Accidental / Workmen Consultancy Department
- In Fire Loss - Get Fire Claim Cheque within 30 days*.
- All types Service Related with Life & General Insurance.

नये एक्सीडेंटल या मेडिक्लेम पॉलिसी या रिन्युअर के लिए संपर्क करें।

दावे के साथ इससे सस्ता और बेहतर पॉलिसी / इन्सुरेन्स कहीं नहीं

## Free Claim Consultancy & Guidance

**8 to 8 Sunday 9 to 1**

|| શ્રી અનંતનાથાય નમઃ ||



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

તા. ૦૪-૦૫-૨૦૧૮

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનો જોગ,

સવિનય જણાવવાનું જે **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતીનું ચર્તુથ સંમેલન તા.૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રવિવાર, સોમવાર અને મંગળવાર** ના દિવસે નલીયા મુકામે **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા**ના યજમાન પદે આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની નોંધ લેશોજી.

આ અંગેની વધુ માહિતીઓ જ્ઞાતિના તમામ મહાજનોને ટુંક સમયમાં મોકલવામાં આવશે.

સર્વે જ્ઞાતીજનો, જ્ઞાતી સંસ્થાના પદાધિકારીઓને જાણ થાય કે આ સમય દરમ્યાન પોતપોતાના અંગત તથા સંસ્થાગત કાર્યો ગોઠવવા નહી, જેથી જ્ઞાતિજનો સંમેલનમાં ભાગ લઈ શકે.

સંમેલન પ્રસંગે પધારનાર પ્રતિનિધિઓને **તા.૨૨-૧૨-૨૦૧૮ શનિવાર** ના નલિયા મુકામે પહોંચવાનું રહેશે.

**નીશિથ એ. દંડ**
(સેક્રેટરી જનરલ)

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

(ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ આર નં.એ ૩૯૨૬ (મુંબઈ) ૧૯૯૨)

mahajansamast@gmail.com

Gyatimaiya
Weekly E-magazine